# બાળ વિકાસ અધિકારીશ્રીઓના કાર્યો અને ફરજો

- બાળ વિકાસ અધિકારીશ્રીઓ બાળ વિકાસ સેવા યોજના (આઈ.સી..ડી.એસ) ના ચાવી રૂપ કાર્યકર્તા છે. તેઓ ઘટક કક્ષાએ સ્કીમના વહીવટ અને અમલીકરણ માટેના સંચાલન માટે જવાબદાર છે. આ CDPO ને તેમની નીચે જણાવેલ કાર્ય ફરજો માટેની ભૂમિકા નિભાવવા માટે યોગ્ય રીતે તાલીમ આપવાની રહેશે.
- બાળ વિકાસ પ્રોજેટ અધિકારી

૧. તેઓ પ્રોજેક્ટ કક્ષાએ ICDS ટુકડીના મુખ્ય વહીવટી કાર્યકર્તા રહેશે. તેઓ ICDS પ્રોજેક્ટનો હવાલો ધરાવશે અને પ્રોગ્રામના અમલીકરણની જવાબદારી ધરાવશે અને પ્રતિદિન થતા કાર્યો પરત્વે નિરિક્ષણ કરશે.

૨. પ્રત્યેક આંગણવાડી કેન્દ્રને માસિક અને વાર્ષિક બજેટ ફાળવણી કરશે અને તદઅનુસાર આંગણવાડી પ્રવૃત્તિઓ ચલાવવા માટે ફંડ આપશે.

૩. મુખ્ય સેવિકા અને આંગણવાડી કાર્યકર સહિત સમગ્ર પ્રોજેક્ટ ટીમનું કામગીરી નિરિક્ષણ અને માર્ગદર્શન કરશે, આ હેતુ માટે નિરિક્ષણ કરવા માટે ફિલ્ડ મુલાકાતો કરશે. પ્રોજેક્ટ કચેરી ખાતે સ્ટાફ મીટીંગનું આયોજન કરવાનું સમાવિષ્ટ રહેશે.

૪. પ્રોજેક્ટ માટેના કેન્દ્ર સર્વેની ઝડપથી અને સરળ રીતે કરવા માટે આંગણવાડી કાર્યકરોને પ્રારંભિક તબકકે સહાયતા કરશે. આ સર્વેક્ષણના અહેવાલ અને તેના દ્વારા સંકલિત કરવામાં આવેલ માહિતીના આધારે CDPO પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરશે જેમાં બધીજ આવશ્યક અને સંબંધિત પાયાની માહિતીઓ સમાવિષ્ટ હોય,.

૫. પ્રોજેક્ટ કક્ષાએ અને આંગણવાડી કક્ષાએ રજીસ્ટરો અને દફતર યોગ્ય જાળવણી કરાય તે સુનિશ્ચિત કરશે. તેઓ આવા દફતરનું સમયાંતરે નિરિક્ષણ કરશે.

૬. આ હેતુ માટે ICDS પ્રોગ્રામમાં દર્શાવ્યા અનુસારના વિવિધ પુરવઠાઓનાં પરિવહન, સંગ્રહ અને વિતરણની યોગ્ય વ્યવસ્થા કરશે. તેઓ, જિલ્લા અને રાજય કચેરી સાથેની આવશ્યક લિન્કની જાળવણી કરશે.

૭. ICDS પ્રોગ્રામ માટે ઉપલબ્ધ કરાવાયેલ તમામ સાધન સામગ્રી યોગ્ય રીતે ઉપયોગમાં લેવામાં આવે અને તેની યોગ્ય જાળવણી થાય તે સુનિશ્ચિત કરવું.

૮. પ્રોજેક્ટ કો-ઓર્ડીનેશન કમિટી અથવા કાર્યકારી સમિતિની બેઠક બોલાવશે અને બેઠકમાં કનવિનર તરીકે કાર્ય કરશે અને બેઠકનાં એજન્ડા અને મિનટની નોંધ કરશે પ્રોગ્રામ અને સેવાઓના સંકલિત અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલા લેશે.

૯. ઘટક ટીમનાં અંતર્ગત ભાગ તરીકે કાર્ય કરશે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-હેડકવાર્ટર, પંચાયતી રાજ સંસ્થાઓ અને વિસ્તારમાં કાર્ય કરતી સંસ્થાઓ વચ્ચેની કામગીરી ક્ષેત્ર બાબતે સંપકતા જળવાય તે રીતે કાર્ય કરશે.

૧૦. આંગણવાડી કેન્દ્ર અને પ્રોજેકટની અન્ય કાર્યકારીણીઓ માટે જરૂરી હોય તેવી વસ્તુઓ, સાધનો વિગેરે માટે આકસ્મિક ખર્ચ કરશે, અને ICDS સ્કીમના ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકે કાર્ય કરશે, જેમાંથી આરોગ્યલક્ષી બાકાત રહેશે.

૧૧. ICDS પ્રોગ્રામ અને સેવાઓના અમલીકરણ બાબતે સામાજિક સહકાર અને સહભાગિતા પ્રાપ્ત કરવા માટેના પ્રયત્ન કરશે તેઓ સ્થાનિક સમુદાયને પ્રોગ્રામ સંદર્ભે ખોરાક પુરવઠો બાંધકામ સામગ્રી અને સ્વૈચ્છિક સેવાઓ વિગેરે બાબતે ફાળો આપવા પ્રોત્સાહિત કરશે.

૧૨. ગ્રામસ્તરની સંકલન સમિતી બેઠકો દ્વારા આંગણવાડી કાર્યકરોને સહાય કરશે. માહિતી આપશે. તેઓ આંગણવાડી કાર્યકરોને ગ્રામ સ્તરના મહિલા મંડળો અને યુવા કલબ સાથેની સપર્કતા પ્રસ્થાપિત કરવામાં પણ મદદ કરશે.

૧૩. અન્ય પ્રોગ્રામ સ્તરના કાર્યકરોની સહાયતાથી શૈક્ષણિક કાર્યક્રમો જેવા કે, પોષણ અને અંગત સુઘડતા ની નિર્દેશોનું આયોજન કરશે.

૧૪. સંબંધિત ઉચ્ચ અધિકારીઓને મોકલવા માટેના પ્રગતિ અહેવાલ તૈયાર કરવા અને પહોંચાડવા માટે જવાબદાર રહેશે. તેઓએ રાજ્ય અને કેન્દ્રનાં ICDS એકમોને આવશ્યક હોય તેવી તેમના દ્વારા માંગવામાં આવે તેવી તમામ માહિતી આપશે.

૧૫. ઘટક કક્ષાએ ICDS ટીમનાં હવાલો ધરાવનાર તરીકે કર્મચારીની ભરતી અને વિકાસ માટે આવશ્યક હોય તેવા તમામ પગલાઓ લેશે. તેઓ જયારે અને જેમ જરૂરી હોય તેવી તાલીમ/અભિગમ દક્ષતા માટે મુખ્ય સેવિકાઓ અને આંગણવાડી કાર્યકરોને પ્રતિનિયુકત કરશે.

૧૬. સમયાંતરે ક્ષેત્ર મુલાકાતો લેશે અને તેના/તેની માસિક પ્રવાસ કાર્યક્રમની જાણકારી ઉચ્ચ અધિકારીને આપશે. આવા પ્રવાસ કાર્યક્રમનું આયોજન ઘટક વિકાસ અધિકારી અને પ્રાથમિક આરોગ્ય્ કેન્દ્રના પરામર્શમાં કરવાનો રહેશે.

# CDPO ની વધારાની જવાબદારીઓ



૧. તેણી/તે જવાહર રોજગાર યોજના હેઠળ (ગ્રામિણ વિસ્તારો) અને નહેરૂ રોજગાર યોજના (શહેરી વિસ્તારોમાં) દ્વારા આંગણવાડી કેન્દ્રો માટે પોતાનું મકાન પ્રાપ્ત થાય તે માટેના પ્રયાસો કરશે. (પરિપત્ર ૧-૧૭/૯૦-CD-૧ તા.૧૯/૯/૯૦ અને ન ૩-૬/૯૦-CD-૧ તા.૧૫/૨/૯૧)

૨. તે/તેણી શહેરી વિકાસ વિભાગ જોડે સંકલન કરીને ધુમાડા રહિત ચુલા, સ્વસ્થ રસોડા, સંડાશ બાથરૂમ અને પીવાના પાણીના શુદ્ધિકરણ માટેની વ્યવસ્થા શહેરી વિસ્તારનાં આંગણવાડી કેન્દ્રોમાં થાય તે માટે સંકલન કરશે.
(પરિપત્ર ૩-૬/૯૦-CD-૧, તા.૧૫-૨-૯૧)

૩. તે/તેણી ગ્રામીણ પાણી પુરવઠા/પી.એસ.ઈ વિભાગ સાથે સંકલન કરીને તેવા વિસ્તારોમાંની આંગણવાડીઓમાં જેમાં પીવાના પાણીની સગવડ ના હોય ત્યાં હેડપંપ નાખાવા માટેની કામગીરીનું સંકલન કરશે.
(પરિપત્ર ૧-૩/૮૯-CD- તા.૩૦/૬/૮૯ / NO. 1-8-89 CD Dt. 26-6-89 )

૪. તે/તેણી રાષ્ટ્રીય પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમ (NAEP) હેઠળ કિશોરીઓ/સ્ત્રીઓ માટેના અક્ષરજ્ઞાન વર્ગોનું આયોજન કરવા માટે આંગણવાડી કાર્યકરો સથે સંકલન કરશે. તેણી આંગણવાડી કાર્યકરો જેઓ ગ્રામ્ય સ્તરે તમામ ઘરો માટેના વાર્ષિક શૈક્ષણિક સર્વેક્ષણમાં પ્રાથમિક શાળાનાં શિક્ષકો જોડે જોડાયેલા હોય તેઓને પણ માર્ગદર્શન આપશે.
(પરિપત્ર ૧-૧૪/૮૪-CD, તા.૨૨/૮/૮૮ અને ૩/૬/૯૦-CD-૧, તા.૧૫-૨-૯૧)

૫. તે/તેણી જિલ્લા પુન:સ્થાપન કેન્દ્ર (D.R.C) જયાં આંગણવાડી કાર્યકરો દ્વારા સેવાઓ અપાતી હોય તેવી સાથે નજીકની સંપર્કતામાં રહેશે.
(પરિપત્ર ૧૩-૯/૮૮-CD- તા.૫-૧૦-૮૮ , NO. 3-6/90- CD-1 Dt. 15-2-91 )

૬. તે/તેણી આ કાર્યકરોને DWCRA ગ્રુપ (જયાં DWCRA સ્કીમનો અમલ થતો હોય તેવા પ્રોજેકટોમાં સંકલન કરવા માટે માર્ગદર્શન આપશે.
(પરિપત્ર ૩-૯/૯૦-CD- તા.૧૫ -૨-૯૧)

૭. તે/તેણી ખોરાક અને પોષણ એકમો અને ખોરાક અને પોષણ વિસ્તરણ કેન્દ્રો સાથે સંકલન કરીને પોષણ અને આરોગ્ય શિક્ષણનું નિર્દેશન યોજશે.
(પરિપત્ર ૩-૬/૯૦-CD-તા.૧૫-૨-૯૧)

૮. તે/તેણી સુનિશ્ચિત કરશે કે પ્રત્યેક આંગણવાડી કેન્દ્રોને ગ્રોથ ચાર્ટ આપવામાં આવે જેની વિગતો મુખ્ય સેવિકાઓ દ્વારા પ્રત્યેક ત્રણ માસના સમયગાળે ભરવામાં આવે અને તેણી તે પણ સેનિશ્ચિત કરશે કે ,આવી વિકાસ ચાર્ટનો ઉપયોગ સામુદાયિક શિક્ષણમાં કરાય.
(પરિપત્ર ૧-૧૨/૯૩-CD-૧ તા.૯-૧૦-૯૩)

૯. તે/તેણી સુનિશ્ચિત કરશે કે નવી સ્કિમો જેવી કે મહિલા સમૃધ્ધિ યોજના અને રાષ્ટ્રીય મહિલા કોષનું અમલીકરણ કરવામાં આવે. (જયાં લાગુ પડતુ હોય ત્યાં)
(પરિપત્ર ૧૧-૨/૯૪-TR તા.૨૩-૫-૯૪ )

૧૦. તે/તેણી આંગણવાડી કાર્યકરોને કિશોરીઓને આંગણવાડી કેન્દ્રોની પ્રવૃતિઓ અને તેઓ ને અપાતી સેવાઓમાં સંકલિત કરવા માટેનું માર્ગદર્શન આપશે અને કિશોરીઓ માટેની તાલીમ કાર્યક્રમોની વ્યવસ્થા ઘટક કક્ષાએ કરશે.
(પરિપત્ર ૯-૨૦-૩૫/૯૦-WBP-તા.૧૦-૯-૯૧ )

૧૧. તે/તેણી ICDS કાર્યકરોઓની CDPO , મુખ્ય સેવિકાઓ અને આંગણવાડી કાર્યકરો માટેની તાલીમમાં ભાગ લઈ શકે તેવી ક્ષેત્રિય વ્યવસ્થાનું આયોજન કરશ. તે/તેણી બીજા તબકકામાં પોતાના આંગણવાડી કેન્દ્રોમાં કામગીરી શરૂ કરનાર આંગણવાડી કાર્યકરોને પ્રથમ ચાર (૪) માસ માટે માર્ગદર્શન આપશે અને તેઓનું નિરિક્ષણ કરશે. (G.R.No. 11-6/93-TR dt. 16-08-94, 22-09-94, 21-07-95)

૧૨. તે/તેણી તેની કચેરીમાં કેન્દ્રોનો વિકાસ કરશે. જેમાં પૂર્વશાળા શિક્ષણ, આરોગ્ય ને પોષણ, સામુદાયિક સહભાગિતાઉપરના સાહિતયનો સમાવેશ કેન્દ્ર પોતાના ગ્રંથાલયમાં કરવામાં અવે તે સુનિશ્ચિત કરશે. (G.R.No. 13-65-89-CD Dt.14-06-1990)

૧૩. તે/તેણી ICDS સ્કીમ હેઠળના પ્રર્વતમાન તમામ કાર્યક્રમો તેમજ સંભવિત પોષણ અભિયાન જેવા અન્ય કાર્યક્રમો કે સ્કીમો સંબંધિત અમલીકરણ માટેની જીલ્લા અને ઘટક કક્ષાએથી કામગીરીનું નિરીક્ષણ અને સંકલન માટે જવાબદાર રહેશે.